


શ્રાવણ શુક્લ દશમી પર સોમનાથ મહાદેવને ગંગા અવતરણ દર્શન શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. જેનો ભાવિક ભક્તોએ ઉત્સાહપૂર્વક ભક્તિભાવથી દર્શનનો લાભ લીધો હતો.

# દેશના સ્માર્ટ સિટીમાં સુરત બીજા ક્રમે

## દેશની ૧૦૦ ટોચની સ્માર્ટ સિટીમાં ઇન્દોર પ્રથમ ક્રમે છે : ગત વર્ષે ઓક્ટોબરમાં ઇન્દોરને સતત છઠ્ઠી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયુ હતું

સુરત, તા.૨૬

સુરત સ્માર્ટ સિટીમાં બીજા ક્રમે આવ્યું છે. આગામી ૨૭ સપ્ટેમ્બરના રોજ ઈન્દોર ખાતે આયોજિત સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ દ્વારા એવોર્ડ એનાયત કરાશે. દેશની ૧૦૦ ટોચની સ્માર્ટ સિટીમાં ઈન્દોર પ્રથમ ક્રમે છે. ઈન્દોરને 'બેસ્ટ નેશનલ સ્માર્ટ સિટી'નો એવોર્ડ મળ્યો છે, જ્યારે ત્રીજા ક્રમે આગ્રા રહ્યું. રાજ્યોમાં મધ્યપ્રદેશને 'બેસ્ટ સ્ટેટ એવોર્ડ'માં બાજી મારી છે. તમિલનાડુ બેસ્ટ સ્ટેટ યાદીમાં બીજા ક્રમે છે. જ્યારે ત્રીજા સ્થાને રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ બંને ચમક્યાં છે. કેન્દ્રશાસિત પ્રદેશની શ્રેણીમાં ચંડીગઢે પહેલું સ્થાન હાંસલ કર્યું છે. ગત વર્ષે ઑક્ટોબરમાં ઈન્દોરને સતત છઠ્ઠી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયુ હતું. બિલ્ટ એન્વાયર્નમેન્ટ માટે કોઈમ્બતુરને ટોચનું સ્થાન મળ્યું છે. આ ઉપરાંત અમદાવાદને કલ્ચર એન્ડ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કેટેગરીમાં, અર્થતંત્ર માટે જબલપુર, ગવર્નન્સ એન્ડ મોબિલિટી માટે ચંદીગઢ, સ્વચ્છતા, પાણી અને શહેરી પર્યાવરણ માટે ઈન્દોર, સામાજિક પાસાઓ માટે વડોદરા, હુબલી ધારવાડની પસંદગી કરવામાં આવી છે. ઈનોવેટિવ આઈડિયા કેટેગરી માટે અને સુરતની કોવિડ ઈનોવેશન કેટેગરી માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત, ઉદ્યોગ માટે પાર્ટનર એવોર્ડ Enviro Control Pvt, L&T કન્સ્ટ્રક્શન અને PwCને આપવામાં આવ્યો છે. ભારતના રાષ્ટ્રપતિ ૨૭ સપ્ટેમ્બરે ઈન્દોરમાં ISAC ૨૦૨૨ એવોર્ડના વિજેતાઓને સન્માનિત કરશે.



# ભારત-પાકિસ્તાન બોર્ડર પર ઝીરો પોઈન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ

## નડાબેટ પર સીમા દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર : રક્ષાબંધન અને જન્માષ્ટમીનો પર્વ નજીકમાં જ છે, જેને ધ્યાનમાં રાખીને નડાબેટ પર સીમા દર્શન શરુ કરવામાં આવ્યુ

બનાસકાંઠા,તા.૨૬

બનાસકાંઠા જિલ્લામાં નડાબેટ હવે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. અહીં સીમા દર્શન પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો છે. અહીં લોકો ભારત અને પાકિસ્તાનની બોર્ડર પર સીમા દર્શન પોઈન્ટ ઉભો કરવામાં આવ્યો છે.જ્યાં પ્રવાસીઓ અટારી બોર્ડર અને વાઘા બોર્ડરની જેમ જ મ્જીહ્લના જવાનોનો જુસ્સો અને દેશભક્તિના દર્શન કરી શકે છે. ત્યારે નડાબેટ પર સીમા દર્શન માટે આવતા પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ભારત-પાકિસ્તાન બોર્ડર પર ઝીરો પોઈન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ માટે કરવામાં આવ્યું છે.રક્ષાબંધન અને જન્માષ્ટમીનો પર્વ નજીકમાં જ છે. જેને ધ્યાનમાં રાખીને નડાબેટ પર સીમા દર્શન શરુ કરવામાં આવ્યુ છે.૧૬ ઓગસ્ટથી આ સીમા દર્શન બંધ કરવામાં આવ્યું હતું. જો કે હવે ટુરિઝમ વિભાગ દ્વારા બોર્ડર પર ઝીરો પોઈન્ટ સુધી ફરી સીમા દર્શન શરૂ કરવામાં આવ્યુ છે. સીમા દર્શન માટે નડાબેટ ખાતેથી ૧૦થી વધુ બસો દોડાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવાસીઓ નડાબેટથી બસોમાં મુસાફરી કરી શકશે.

ગુજરાતનો દરિયાઈ માર્ગ અને જમીની માર્ગનો મોટો ભાગ પાકિસ્તાનની બોર્ડર સાથે જોડાયેલો છે, ત્યારે ગુજરાત ટુરિઝમ દ્વારા પ્રવાસીઓને એક નવી જગ્યા જોવા અને માણવા મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાજ્યના બનાસકાંઠાના સુઈ ગામમાં પાકિસ્તાન સાથે જોડાયેલી ગુજરાતની બોર્ડર પર જવાનોનો રૂંવાડા ઉભા કરી દે તેવો જુસ્સો જાહેર જનતાને નિહાળવાનો મોકો મળશે.

# કંડલા પોર્ટ પર જેટી નંબર ૬ પાસે લીફ્ટિંગ બેલ્ટ તૂટી જતા ક્રેન નીચે પટકાઈ : જાનહાનિ ટળી

## ક્રેનમાં હાજર ડ્રાયવર પણ નીચે પટકાય છે, જો કે સદનસીબે તેનો આબાદ બચાવ થયો છે

કચ્છ,તા.૨૬

જેટી પર ઓપરેશન વર્ક સમયે લીફ્ટિંગ બેલ્ટ તૂટી જતા એક ક્રેન અચાનક નીચે પટકાઈ ગઈ હતી. આ ક્રેનમાં અકસ્માત થયો તે સમયે ડ્રાયવર પણ હાજર હતો. કંડલા પોર્ટ પર જેટી નંબર ૬ પાસે આ ઘટના બની હતી.

કચ્છ જિલ્લામાં આવેલા કંડલા પોર્ટ પર મોટી દુર્ઘટના ઘટી છે. જેટી પર ઓપરેશન વર્ક સમયે લીફ્ટિંગ બેલ્ટ તૂટી જતા એક ક્રેન અચાનક નીચે પટકાઈ ગઈ હતી. આ ક્રેનમાં અકસ્માત થયો તે સમયે ડ્રાયવર પણ હાજર હતો. કંડલા પોર્ટ પર જેટી નંબર ૬ પાસે આ ઘટના બની હતી.જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જો કે અકસ્માતની આ ઘટનાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે લીફ્ટિંગ બેલ્ટ તૂટી જતા ક્રેન ડ્રાયવર સાથે ઊલટી થઈ જાય છે અને જમીન પર તીવ્ર ગતિથી પટકાય છે. ક્રેનમાં હાજર ડ્રાયવર પણ નીચે પટકાય છે. જો કે સદનસીબે તેનો આબાદ બચાવ થયો છે.

# આરોગ્ય વિભાગ દ્વારા ખાણીપીણી સહિત સ્વીટ માર્ટમાં પણ દરોડા

## કોર્પોરેશનની ટીમો દ્વારા શહેરમાં દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી અને મીઠાઈ સહિત કેટલાક સેમ્પલ લેવામાં આવ્યા

અમદાવાદ,તા.૨૬

આરોગ્ય વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરતા જાણીતા સ્વીટ અને ફરસાણ વેચનારાઓની દુકાનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. સ્વીટ અને ફરસાણ ઉત્પાદન કરવાના યુનિટના સ્થળો પર પણ ચેકિંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં આરોગ્ય વિભાગ દ્વારા ખાણીપીણી સહિત સ્વીટ માર્ટમાં દરોડો પાડવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરતા જાણીતા સ્વીટ અને ફરસાણ વેચનારાઓની દુકાનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. સ્વીટ અને ફરસાણ ઉત્પાદન કરવાના યુનિટના સ્થળો પર પણ ચેકિંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો દ્વારા શહેરમાં દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી અને મીઠાઈ સહિત કેટલાક સેમ્પલ લેવામાં આવ્યા હતા.

મીઠાઈ અને ફરસાણ સહિતની ચિજોના જ્યાં ઉત્પાદન કરવામાં આવે છે, એ સ્થળો પર સ્વચ્છતા સહિતની બાબતોનુ પણ ચેકિંગ કરવામા આવ્યુ હતુ. આરોગ્ય વિભાગના અધિકારી મહેન્દ્રભાઈએ જણાવ્યુ હતુ કે, કેટલીક નાની નાની બાબતોનુ ધ્યાન રાખવુ જરુરી છે.

હાલમાં તહેવારોની સિઝન શરુ થઈ હોવાને લઈ ખાસ ચેકિંગ હાથ ધરાયુ છે. રુટીનમાં પણ ચેકિંગ થતુ હોય છે. પરંતુ હાલમાં તહેવારોને લઈ મીઠાઈ અને ફરસાણની વધારે ખરીદી થતી હોવાને લઈ ચેકિંગની કાર્યવાહી વધારી છે.

# કાંકરેજનાં બલોચપુરમાંથી ૩,૧૦૪ કિલો ચરસ ઝડપાયું

## પોલીસે ચરસની ૨૪૭ નંગ સ્ટીક અને કાર સહીત રૂપિયા ૧૧ લાખ ૭૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

બનાસકાંઠા,તા.૨૬

બલોચપુર ગામે આવેલ જોગણી માતાજીનાં મંદિરનો પૂજારી અને અન્ય એક શખ્સ પાસેથી ચરસ મળી આવ્યું. ૪ લાખ ૬૫ હજારની કિંમતનું ૩,૧૦૪ કિલો ચરસ ઝડપાયું. પોલીસે ચરસની ૨૪૭ નંગ સ્ટીક અને કાર સહીત ૧૧ લાખ ૭૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો.

ગુજરાતનો નશાનો વેપલો યથાવત જોવા મળી રહ્યો છે. ફરી એક વખત મોટા પ્રમાણમાં ચરસનો જથ્થો ઝડપાયો છે. બનાસકાંઠા જીંય્એ કાંકરેજનાં બલોચપુરમાંથી ચરસ ઝડપી પાડ્યું છે. બલોચપુર ગામે આવેલ જોગણી માતાજીનાં મંદિરનો પૂજારી અને અન્ય એક શખ્સ પાસેથી ચરસ મળી આવ્યું. ૪ લાખ ૬૫ હજારની કિંમતનું ૩,૧૦૪ કિલો ચરસ ઝડપાયું. પોલીસે ચરસની ૨૪૭ નંગ સ્ટીક અને કાર સહીત ૧૧ લાખ ૭૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો. મૂળ મધ્યપ્રદેશનાં જાંબુઆ જિલ્લાના રહેવાસી મંદિરનો પૂજારી દયાલગીરી બાવાની ધરપકડ કરાઈ. તો અન્ય આરોપી ઉત્તર પ્રદેશનાં રાજવીરસિંહ પાસેથી આર્મી્ઈનું આઈકાર્ડ મળી આવ્યું. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ૮૦ કિલો પોષ ડોડાનો જથ્થો ઝડપ્યો

વલસાડ,તા.૨૬

સ્પેશિયલ ઓપરેશન ગૃપ દ્વારા બાતમી આધારે દરોડો પાડતા વલસાડના ગંદલાવ વિસ્તારના ઉજ્જ્વલનગરમાંતી આ જથ્થો ઝડપી પાડ્યો હતો. એસઓજી ટીમ દ્વારા બાતમીને આધારે કાર્યવાહી કરતા ૮૦ કિલો જેટલો પોષ ડોડાનો જથ્થો ઝડપાઈ આવ્યો હતો. પોલીસે પોષ ડોડાના જથ્થાને ઝડપી લઈને ગુનો નોંધીને કાર્યવાહી શરુ કરી છે. એસઓજી ટીમે દરોડો પાડીને જથ્થો ઝડપી લઈને સિઝ કર્યો છે. લગભગ ૨.૪૨ લાખ રુપિયાનો જથ્થો જપ્ત કરીને આરોપી સુનિલ બિશ્નોઈ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. એસઓજીએ સ્થાનિક રુરલ પોલીસને સાથે રાખીને કાર્યવાહી કરતા હવે આરોપી સુનિલ બિશ્નોઈને ઝડપી લેવા માટે કાર્યવાહી તેજ કરી છે. આરોપીને ઝડપી લેવા માટે ટીમોએ શોધવા માટે કાર્યવાહી શરુ કરી છે.

# લોન ફ્રોડ અને બ્લેકમેઈલ કરતી ગેંગનું નેટવર્ક ઝડપાયું

## ઈન્સ્ટન્ટ લોન લેતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો : સાયબર ક્રાઇમની ટીમે ટેક્નિકલ એનાલિસ્ટ દ્વારા કોલિંગ કરનાર સર્વિસ અને ડેટાનું સર્વર શોધીને નોઈડા અને પુનામાં રેડ કરી આખું નેટવર્ક ઝડપ્યું

અમદાવાદ,તા.૨૬

એપ્લિકેશન માધ્યમથી લોન લેતા હોય તો ચેતી જજો. કારણકે તમારા ડેટાની ચોરી કરીને તમને બ્લેકમેઈલીંગ નો ભોગ બની શકો છો. આવી જ એક ગેંગને સાયબર ક્રાઈમની ટીમે નોઈડા અને પુનાથી બે લોકોની ધરપકડ કરી છે. જે ચાઈનામાં બેઠલા એક ભારતીય નાગરિક દ્વારા આ લોન ફ્રોડનું નેટવર્ક ચાલતું હોવાનું ખુલાસો થયો છે. કેવી રીતેમાં લોન ફ્રોડના નામે લોકો પાસે પૈસા પડાવતા હતા. વાંચો આ અહેવાલ. પૈસાની જરૂરિયાત માટે મોબાઈલ એપ્લિકેશનથી ઈન્સ્ટન્ટ લોન લેતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જેમાં સાયબર ક્રાઈમની ટીમે લોન ફ્રોડ અને બ્લેકમેઈલ કરતી ગેંગનું નેટવર્ક ઝડપીને બે આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર મામલો એવો હતો કે દેશભરમાં એપ્લિકેશન થી ઈન્સ્ટન્ટ લોન મેળવ્યા બાદ લોકોને બ્લેકમેઈલ કરીને રૂપિયા પડાવતી ગેંગની અનેક ફરિયાદો સામે આવી રહી હતી જેમાં અમદાવાદમાં પણ અનેક લોકો આ ગેંગનો ભોગ બની રહ્યા હતા. જેથી સાયબર ક્રાઈમની ટીમે ટેક્નિકલ એનાલિસ્ટ દ્વારા કોલિંગ કરનાર સર્વિસ અને ડેટાનું સર્વર શોધીને નોઈડા અને પુનામાં રેડ કરી આખું નેટવર્ક ઝડપયું હતું. આ ગેંગના બે આરોપી પુનાથી વિજયકુમાર કુંભાર અને નોઈડાથી ગૌરવસિંગની ધરપકડ કરવામાં આવી છે. તેમની તપાસમાં આ નેટવર્ક ચાઈનાથી ઓપરેટ થતું હોવાનું ખુલ્યું છે. સાયબર ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપી પાસેથી ચાર મોબાઈલ અને બે લેપટોપ કબ્જે કરી તેમની પાસે રહેલો ૫૦ ટીબી ડેટા મળી આવ્યો છે. જે ડેટામાં કરોડોની સંખ્યામાં લોકોના નામ અને સરનામાં સાથેની આખી પ્રોફાઈલ વાળા ડેટા મળી આવ્યા છે.એપ્લિકેશનમાં ચાલતી ઈંસ્ટન્ટ લોન નેટવર્કનું સિસ્ટમ ચાઈનાથી ઓપરેટ થતું હતું જ્યારે તેનું મેનેજમેન્ટ ભારતમાં જુદા જુદા શહેરોમાં કોલ સેન્ટર દ્વારા થતું હતું. પરતું જે કોલિંગ માટેનું સર્વર આખું પુના અને નોઈડાથી ઓપરેટ કરાવામાં આવતું હતું. જેનો માસ્ટર માઈન્ડ વિજયકુમાર કુંભાર હતો જે આઈટી કંપની આડમાં સર્વર મેનેજ કરતો હતો. જે સર્વર સિસ્ટમનું કનેક્શન નોઈડાના ગૌરવસિંગ પાસે રહેતું હતું અને આરોપી ગૌરવસિંગ વેબ વર્ક્સ ડેટા સેન્ટરની આડમાં સર્વર ચલાવતો હતો.

આ સર્વરનું ઓપરેટ સિસસ્ટમ ચાઈનામાં બેઠેલો ભારતીય નાગરિક કરતો હતો. જેની સાથે બે ચાઈનીઝ વ્યક્તિ પણ સંડોવાયેલા છે. તેઓ લોન લેનાર વ્યક્તિના પ્રોફાઈલ ડેટા ચોરી કરીને તેમના ફોટો પરથી અશ્લીલ ફોટો મોર્ફ કરીને બ્લેકમેઈલ કરીને પૈસા પડાવતા હતા. જેમાં અનેક લોકો બ્લેકમેઈલ થવાથી આપઘાત પણ કરી ચુક્યા હોવાની ઘટના સામે આવી છે. જોકે આ સિસ્ટમનું માસ્ટર માઈન્ડ ચાઈનામાં બેસી ચલાવી રહ્યો છે.પૂછપરછમાં સામે આવ્યું હતું કે પકડાયેલ બે આરોપી છેલ્લા બે વર્ષથી આ સર્વર ઓપરેટ કરતા હતા. જેમાં બે લાખ સુધીનો પગાર ચૂકવામાં આવતો હતો. સાયબર ક્રાઈમની ટીમે લોન નેટવર્ક સર્વર પકડયું છે પરતું તેનુ કનેક્શન દેશના જુદાજુદા શહેરોમાં કોલ સેન્ટર થકી લોકોને ફોન કરી બ્લેકમેઈલ કરવામાં આવી રહ્યા છે ત્યારે બ્લેકમેઈલ ના પૈસા પર ભારત થી ચાઈના ક્રિપટો કરન્સીમાં પહોંચી રહ્યા છે. જેને પકડવા માટે પણ સાયબર ક્રાઈમ ટીમ તપાસ કરી રહી છે. નોંધનીય છે કે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચની ટીમે લોન ફ્રોડનું મોટું નેટવર્ક પકડી પાડ્યું છે.

### ફેન્સીંગનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વન વિસ્તારને દબાણમુક્ત કરવા માટે થોડા સમય અગાઉ વનતંત્રએ ઝુંબેશ હાથ ધરી હતી પરંતુ આ ઝુંબેશ અડધે થી જ આટોપી લેવામાં આવતા હજુ પણ દબાણો યથાવત જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં વન વિસ્તારની ફેન્સીંગમાં ઠેર ઠેર જોવા મળતા ગાબડા પણ દુર થતા નથી. ફેન્સીંગના મામલે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાય છે. વનતંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગનુ નવિનીકરણ કરવા માટે વનવિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. નગરના સાત ઉભા અને આડા માર્ગો આસપાસ નવી ફેન્સીંગ કરવા માટે રૂ ૫.૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જયારે ફેન્સીંગની આ કામગીરીની મંજુરીના અંતે નગરના ખ માર્ગ, ઘ અને જ માર્ગ સહીત રોડ નં - ૧ થી ૪ ને અનુલક્ષી અગ્રતા ક્રમે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં વન આરક્ષિત વિસ્તાર છેલ્લા ઘણાં સમયથી ઉજ્જડ બનતો જાય છે. એકબાજુ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. ત્યારે જાળવણી ના અભાવે વન વિસ્તારમાં ગંદકી ,દબાણ સહીત રખડતા ઢોર જેવા પ્રશ્નોથી પણ નિખરતી હરિયાળી પ્રભાવિત છે.

### ઋષિકેશ પટેલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માઈનીંગ પ્રોફીટમાં શેરીંગ, કરાર અવધી વધારવા સહિતની જોગવાઈઓ સાથે અદાણી પાવર સાથે તા. ૫-૧૨-૧૮ના રોજ સપ્લિમેન્ટી કરાર કરવામાં આવેલ. ખેડૂતો સહિત રાજ્યના તમામ ગ્રાહકોના હિતમાં અને સતત વધતી વિજમાંગને પૂરી પાડવા અને મુદ્રા પ્લાન્ટમાંથી ૨૪૩૪ મેગાવોટ વિજપૂરવઠો ઉપલબ્ધ રહે તે હેતુથી અને રાજ્ય સરકાર દ્વારા બેઝ રેટ મંજૂર થાય તે તત્પુરતા સમય માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા તા. ૫-૧૨-૧૮ના સપ્લિમેન્ટી કરાર મુજબ ઈન્ટરીમ ધોરણે ચૂકવણી કરવામાં આવેલ છે. રાજ્યની પ્રજાને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો અવિરતપણે મળ્યા કરે તે હેતુથી જી.યુ.વિ.એન.એલ. દ્વારા અદાણી પાવર પાસેથી વિજ ખરીદી કરી જ્યાં સુધી મૂળ ભાવ આખરી ન થાય ત્યાં સુધી વચગાળાની ચૂકવણી કરવામાં આવી છે. આ રીતે પ્રેસ મિડીયાના માધ્યમથી કોંગ્રેસ પ્રમુખ દ્વારા કરવામાં આવેલ આક્ષેપ કે અદાણી પાવર મુદ્રાને દસ્તાવેજ વગર પાછલા પાંચ વર્ષ દરમ્યાન વધારાના એનર્જી ચાર્જ પેટે કરોડો રૂપિયાની ચૂકવણી કરવામાં આવેલ છે તે ગેરમાર્ગે દોરનારો છે કારણ કે આ ચૂકવણી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ બેઝ રેટ મુજબ સરભર થશે અને હાલની ચૂકવણી અંતિમ નથી.

### બસો દોડાવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર્વ દરમિયાન પણ ટ્રાફિક મુજબ રૂટમાં વધારાની બસ સેવા શરૂ કરવામાં આવે છે. જે રૂટમાં વધુ ટ્રાફિક હોય તે મુજબ બસના રૂટ ગોઠવવામાં આવે છે. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાની સર્વિસ ઉપરાંત લગ્નવર્ધિ તેમજ ધાર્મિક અને સરકારી કાર્યક્રમોમાં બસ સેવા પુરી પાડીને વધારાની આવક રળી લેવામાં આવે છે. અગાઉ પણ કોરોના કાળ બાદ એસ ટી ના પૈડા ટ્રેક પર દોડતા થતા ગાંધીનગર ડેપોએ આ પ્રકારની વધારાની બસ સેવા પુરી પાડીને વધુ આવક મેળવી હતી. કોરોના કાળ બાદ છેલ્લા બે વર્ષમાં એસ ટી ડેપોની આવકમાં પણ વધારો થયો છે. આગામી સાતમ આઠમના પર્વ દરમિયાન પણ એસ ટી ડેપો દ્વારા વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૩૦ ઓગષ્ટ સુધી વધારાની બસો દોડાવાશે. ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર રક્ષાબંધનના પર્વને અનુલક્ષી આજથી દાહોદ , ઝાલોદ , રાજકોટ , બરોડા, ભાવનગર, અમદાવાદ સહીતના રૂટમાં ૧૨ જેટલી વધારાની બસ દોડવામાં આવશે. સામાન્ય રીતે એસ ટી ડેપો દ્વારા જે રૂટમાં ટ્રાફિક વધુ જોવા મળે તેવા રૂટમાં ત્વરિત અસરથી વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. રક્ષાબંધન ભાઈ બહેનના હેતના પર્વને અનુલક્ષીને પણ એસ ટી બસમાં વિશેષ ટ્રાફિક જોવા મળતો હોય છે. જયારે અત્યાર સુધી જે રૂટમાં વધુ ટ્રાફિક જોવા મળતો હોય તે મુજબ અભ્યાસના અંતે સંબંધિત રૂટમાં બસ સેવાનો વ્યાપ વધારી દેવામાં આવે છે. જેના લીધે મુસાફરોએ ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવાનો વારો આવે નહીં. તેવી જ રીતે સાતમ આઠમ અને નવરાત્રિના તહેવારો દરમિયાન પણ વિવિધ શકિતપીઠના દર્શન માટે ભાવિકોને અનુલક્ષી વધારાની બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપો અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ છે. ત્યારે મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા માટે પણ અનેકવાર પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેમાં મુસાફરોની સલામતીનો મુદ્દો મુખ્ય છે.

### રહીશોને હાલાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી દિવસોમા ખોદકામના અંતે સમસ્યા વધુ જટીલ બની છે. માર્ગોનુ ધોવાણ પણ થયુ છે. જેની સાથે ઠેર ઠેર અસ્તિત્વમાં આવેલા ગાબડાથી સ્થાનિકો તોબા છે. આ સ્થિતિ વચ્ચે એકબાજુ વરસાદી દિવસોમાં ખોદકામ નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે સેકટરોમાં ખોદકામના અંતે ઘણીવાર ઘણીજગ્યાએ આજા ફસાજા.. જેવી સ્થિતિ સર્જાઇ છે. જેના લીધે સેકટરવાસીઓ પણ ત્રાહીમામ થયા છે.

### તૈયાર રહો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તેઓ તૈયાર રહેવું જોઈએ.તેમણે વધુમાં કહ્યું હતું કે ત્રણેય ફોજદારી સંહિતા સિસ્ટમની ભાવિ માગણીઓને પહોંચી વળવા માટે ટેક્નોલૉજીની દોરવણી હેઠળની પોલીસિંગની શરૂઆત માટે નવી પહેલની હિમાયત કરીને ફોજદારી ન્યાય પ્રણાલીને સુધારશે.આ ત્રણ નવી સંહિતા - ભારતીય ન્યાય સંહિતા (મ્દ્ગજી) બિલ,૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (મ્દ્ગજીજી) બિલ, ૨૦૨૩, અને ભારતીય સાક્ષ્ય (મ્જી) બિલ, ૨૦૨૩ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦, ફોજદારી કાર્યવાહી અધિનિયમ, ૧૮૯૮ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૧૮૭૨નું સ્થાન લેશે. આ બિલો ૧૧મી ઓગસ્ટના રોજ સંસદમાં રજૂ કરવામાં આવ્યાં હતાં અને તેને તપાસ માટે ગૃહ બાબતોની સંસદીય સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યાં હતાં.આ સંદર્ભે અમિત શાહે દિલ્હીમાં આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદના સમાપન સત્રમાં આ ટિપ્પણી કરી હતી.બે દિવસીય રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદના સમાપન સત્રમાં, તેમણે પોલીસિંગમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો.આ કોન્ફરન્સમાં દેશભરમાંથી ૭૫૦થી વધુ પોલીસ અધિકારીઓ ભૌતિક અને વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. ગૃહ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું છે કે મંત્રીએ નાગરિકોને સમયસર ન્યાય આપવા અને તેમને બંધારણીય અધિકારોની ખાતરી આપે તેવી વ્યવસ્થાની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

### જીવતા ભૂંજાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. જેમાં દેખાઈ રહ્યું છે કે ડબ્બામાં ભીષણ આગ લાગી છે અને અમુક લોકો આજૂબાજૂમાં ચિસો પાડી રહ્યા છે. આ દરમ્યાન બાજૂના રેલવે ટ્રેક પરથી એક ટ્રેન પસાર થઈ રહી છે. ઘટનાસ્થળ પર ફાયર વિભાગની ભારે મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો. આ દરમ્યાનના ડબ્બામાં સળગી ગયા હતા. આગ લાગવાના કારણે અફરાતફરી મચી ગઈ હતી. તાત્કાલિક ટ્રેનને ખાલી કરાવામાં આવી હતી.

# જામનગરમાં નવજાત બાળકને જન્મ આપી માતા ફરાર

## આ બાળકીની જીજી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે

જામનગર,તા.૨૬

ફરી એકવખત નવજાત બાળક મળી આવવાની ઘટના સામે આવી છે.. શરૂ સેક્શન રોડ પર જાળી જાખરમાં એક નવજાત બાળક રડતું હોવાનું સ્થાનિક લોકોના ધ્યાને આવતા બાળકને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.જામનગરમાં અનેકવાર નવજાત બાળકો મળી આવવાના બનાવો બનતા હોય છે, ત્યારે આજે ફરી એક વખત આવો બનાવ સામે આવ્યો છે. જામનગર શહેરના શરૂ સેક્શન રોડ પર મિલન હોટલ પાસે કોમન પ્લોટમાં જાડી જાખરામાંથી એક નવજાત બાળક મળી આવતા અરેરાટી ફેલાય છે.

સ્થાનિક લોકોએ નવજાત બાળકના રડવાનો અવાજ સાંભળતા તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમની મદદથી જીજી હોસ્પિટલ ખાતે બાળકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યું. જીજી હોસ્પિટલના નવજાત બાળકોના વોર્ડમાં બાળકની સારવાર ચાલી રહી છે અને નવજાત બાળકની તબિયત હાલ સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગાંધીનગર સમાચાર
જાહેર નોટીસ / કોર્ટ નોટીસ
● રૂ. ૭૮૦/- ૨ કોલમ x ૬ સે.મી. (ફિક્સ) B&W
● રૂ. ૧૩૦૦/- ૨ કોલમ x ૧૦ સે.મી. (ફિક્સ) B&W
ત્યારબાદ ઉપરના વધારાના પ્રતિ કોલમ x સે.મી.ના રૂ. ૬૨/- ચાર્જ રહેશે
જાહેરાત આપવા સંપર્ક
મો. 98797 97884, ફોન. : 079-2322251